સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

હલબલ મંચને ટેકાની જરૂર પડશે,
ને ટકી જવા પણ ટેકાની જરૂર પડશે,
કરી નાખી ખોખલી સંસ્થા ખાયકીની ઉધૈએ -
હવે તો ઉભા થવા, ટેકાની જરૂર પડશે!
(યુપીએ ની હાલત)

સ્વીકારી હાર -
માનસિક બિમાર,
હાર્યું બિહાર..

લોહ ચૂંબકે,
નાની મોટી ખીલીઓ -
ખેંચાઇ જશે,!

ચિંતન

સત્યં માતા, પિતા જ્ઞાનં, ધર્મોભ્રાતા દયા સખા । શાંતિઃ પત્ની ક્ષમા પુત્રઃ ષેડતે મમ બાંધવાઃ ॥

'આ સંસાર વ્યવહારમાં, (સંબંધો જો બાંધવા જ હોય તો) સત્ય એ જ મારી માતા હોય, જ્ઞાન-પિતા, ધર્મ ભાઇ, દયા મિત્ર, અને શાંતિ પત્ની તતા ક્ષમા પુત્ર હોય, બસ આ છ જ મારા સ્નેહી-સંબંધી હોય.'

સંસાર-વ્યવહારમાં જન્મ સાથે જીવને અનેક સંબંધ-નાતા-આપોઆપ નિશ્ચિત થઇ છે નવો જ આવનાર જીવ કેટલાય 'લોહી'ના સંબંધથી બંધાઇ જાય છે કેટલાક 'લોહી'ના સંબંધથી લંબાઇ જાય છે કેટલાકનો ભાઇ પુત્ર, કાકો-મામો-ભાણો વગેરે..

આ જન્મ અને સંબંધો 'જીવ' સાથેના છે 'આત્મા' સાથેના નથી એ આપણી મોટી ગેરસમજ છે અને આ સમજ તો કેટલાક જીવ મૃત્યુપર્યંત સમજી શકતા નથી, અરે મૃત્યુ પછી કેટલાય જીવ આ સંબંધે જ પોતાની અધૂરી ઇચ્છાઓ-મોહ-માયા-મમતાની માગણીઓ ઇચ્છાઓ અપેક્ષાઓ છોડી શકતા નથી.

'જીવે' તો માત્ર ઇશ્વર આ સંબંધથી મળેલું કર્તવ્ય જ બજાવવાનું હોય છે. 'આત્મા' ને આવા કોઇ જ સંબંધ નથી અને આવા કોઇ સંબંધનું 'નામ' આપવું હોય તો 'સત્ય' એ જ માતા, જ્ઞાન એ પિતા, ધર્મ એ ભાઇ અને દયા એ મિત્ર, શાંતિ એ પત્ની અને ક્ષમા એ પુત્ર છે. બસ આત્મા એ મૃત્યુપર્યંત આ જ સંબધો બાંધવા અને નિભાવવા જોઇએ. મીરાંએ એટલે જ ગાયું - ભાઇ છોડયા છોડયાં સગાં-સ્નેહી..'

સુવિચાર

- બ્રહ્માંડના ભેદ કદાચ માણસ ઉકેલી શકશે પરંતુ પોતાના અભિમાનને કદી નહીં સમજી શકે — *- ઇટાલીયન કહેવત*
- મુખમાં શું જાય છે (ભોજન) તેના કરતાં મુખમાંથી શું નીકળે છે (ભાષા) તે મહત્ત્વનું છે — *- ધર્મસૂત્ર*
- વૈભવમાં વધારો કરવાથી નહીં પરંતુ હૃદયને વિશાળ બનાવવાથી જ સુખમાં વધારો થાય છે — *- જહોન રસ્કિન*
- મુમકીન હૈ સફર હો આસાન, અબ સાથ ભી ચલ કર દેખેં, કુછ તુમ ભી બદલ કર દેખો, કુછ હમ ભી બદલકર દેખેં — *- નિદા ફાઝલી*
- તમારું વર્તન તમારું જ રહેવા દો... સુધારાની જરૂર લાગે ત્યાં સુધારો ચોક્કસ કરો પણ એ સુધારો કે વધારો પણ તમારો જ હોવો જોઇએ, કોઇનો ઉછીનો લીધેલો નહીં — *- એસ. ભટ્ટાચાર્ય*
- સુખનું સૌથી મોટું દુઃખ એ છે કે જયારે સુખ વિદાય થઇ જાય ત્યારે આપણને સમજાય છે કે તે સુખ હતું — *- ઓશો*
- તમે માણસને કશું શીખવી શકતાં નથી, તમે તો માત્ર એને એની અંદર જે કંઇ છે તેને શોધી કાઢવામાં મદદ કરી શકો છો — *- ગેલીલીયો*

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

રામકૃષ્ણ પરમહંસ અને તેમના અનુયાયશ્રી કેશવચંદ્ર સેનનો વાર્તાલાપ સંવાદ ચાલતો હતો.

સેને પૂછ્યું, ગુરૂદેવ ભણેલા-ગણેલા સમજુ લોકો, અધ્યાત્મનું સારું વાચન અને સમજ ધરાવનારા પણ લાલસા-વ્યસન-કામ-ક્રોધ-મોહ, વાસનાને કેમ છોડી નથી શકતા? ભોગવૃત્તિ અને સ્વાર્થનો ત્યાગ કેમ નથી કરી શકતા?

પરમહંસ બોલ્યા, જુઓ વાચનથી પંડિતાઇ આવે 'જ્ઞાન' - સાચી સમજ ન આવે. વળી સંગીત શાસ્ત્રનો અભ્યાસ કરવાથી સરગમ અને બંધારણની ખબર પડે, પણ એ માત્ર વાચનથી સૂર, લય, તાલ સાથે 'ગાન' 'રાગ' નતી આવડી જતા એને માટે તો લાંબી રિયાઝની જરૂર પડે છે. વાચનથી આવડત વધે ચર્ચા-દલીલ કરી શકાય પણ 'રાગ' ગાઇ ન શકાય!

સમડી આકાશમાં ખૂબ ઊંચે ઉડે અને તેની તીવ્ર દૃષ્ટિથી એ ઝીણામાં ઝીણી વસ્તુ પણ જોઇ શકે પણ તેની નજરતો મરેલાં પશુ પર જ પડે છે!

વૈરાગ્યની વાતોથી ત્યાગ આવતો નથી એ તો માત્ર 'આચરણ' થી આવે -

કેશવસેને સાચી સમજ માટે ગુરૂને વંદન કર્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

માનવીય મનોભાવો, અનુભૂતિઓ અને જીવનની યથાર્થતા પર પ્રકાશ પાડતી હાઇકુ રચનાઓ

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

ગુજરાતી સાહિત્યમાં હાઇકુ કાવ્ય પ્રકાર દિવસે દિવસે વધુને વધુ જાણીતો, માનીતો અને લોકપ્રિય થઇ રહ્યો હોય એમ લાગે છે. હમણાં થોડા સમય પહેલાં જ સુરતના કવિ ઇશ્વર પટેલનો કાવ્યસંગ્રહ 'પાંપણે બેઠું પતંગીયું' આવ્યો. તેમાં માતબર સંખ્યામાં હાઇકુ રચનાઓ મળે છે. ત્યારે ધીરૂભાઇ ઠાકરે નોંધ કરી છે કે એકવીસમી સદીમાં હાઇકુ લુપ્ત થવાની અણી પર છે ત્યારે તો ભાવ કલ્પનોની ભાવાત્મક અભિવ્યક્તિ રૂપ હાઇકુ સંગ્રહ આપણને મળે છે. ત્યારે યથાર્થ રૂપે કહેવાનું મન થાય કે હાઇકુ રચનાઓનું ભાવિ ઉજળું છે. આજે મારે તમને એવા જ એક નિતાંત હાઇકુ સંગ્રહની રચનાઓની વાત કરવી છે.

'યથાર્થ'એ હાઇકુ પ્રકારના કાવ્યોનો રૂપકડો સંગ્રહ છે. તેમાં માત્રને માત્ર હાઇકુ જ સમાવવામાં આવ્યાં છે. તે સાથે ફૂલ પાંદડીની સુંદર ચિત્રાત્મકતા સંગ્રહને મનોરમ્ય બનાવે છે. મૂળ જાપાની કાવ્ય પ્રકાર હાઇકુ આપણી ગુજરાતી ભાષામાં ખુબ પ્રચલિત અને લોકપ્રિય બનતો જાય છે તે સાથે તેમાં ૫-૭-૫ની રમતમાં પુષ્કળ વૈવિધ્ય સાથે ભાવ અભિવ્યક્તિમાં ગુજરાતીપણું આવતું જાય છે તેમાં કાવ્ય સ્વરૂપમાં કાવ્ય તત્વ અને ભાષાનો અર્થસભર આર્વિભાવ થાય છે. સરળ ભાષા અને વ્યાકરણ પાછળ છૂપાયેલો ઊંડો અર્થ આ કવ્યોની વિશિષ્ટતા છે. અંત્યાનુપ્રાસ ન હોવા છતાં ચમક સાંકળી આંતરપ્રાસ, શબ્દાનુપ્રાસ, વગેરેના ઉપયોગ સાથે લઘુ તથા સાદગી પૂર્ણ પદોની ભાત પર આધારિત હાઇકુ જેવું પદ્ય સ્વરૂપ એ જાપાનની વિશ્વને અણમોલ ભેટ છે એમ કહી શકાય.

'યથાર્થ' હાઇકુ સંગ્રહની પ્રસ્તાવનામાં ડો. હાસ્યદા પંડ્યા જણાવે છે કે 'યથાર્થ'માં કવયિત્રીએ વ્યક્તિગત ભાવ સંવેદના, પ્રણય, પ્રકૃતિ, જીવનનાં સત્યો, જીવન બોધ વગેરેને હાઇકુનાં સ્વરૂપમાં અભિવ્યક્તિ કરવાનો ઉપક્રમ રાખ્યો છે. વૈયક્તિક પ્રણય ભાવને કવયિત્રી આ રીતે મુકી આપે છે. તે પણ ઋતુઓનાં પ્રતિકથી -

પ્રવેશ તારો — ગોરંભાયેલા — અષાઢ ઉગ્યો,
વૈશાખની બપોરે — ગગનમાં આભાસ — ભણકારા ભીંસતા
શ્રાવણી વર્ષા — વીજનૃત્યનાં — રગેરગને!

પછી તો કાવ્ય નાયિકા રમમાણ બને છે.

જાઉં ખોવાઇ — દીસે ઝલક — બને વિકૃત,
વિચારોની ડાળીએ — ભીંતરની ભોમમાં — સત્ય તો જીવનનું
રહું ઝુલતી — ન્યાયી નવલી — અતિરેકથી

અહીં મોટા ભાગની કૃતિઓ જીવનનું સનાતન સત્ય રજૂ કરે છે. કવયિત્રી મોટા ભાગે સીદા કથનમાં જ વાત કરે છે. પોતાના અંગત ભાવ સ્પંદનો હોય કે પ્રણય દાંપત્યની અનુભૂતિ હોય ક્યાંક રૂપક, ક્યાંક શ્લેષ કે ઉપમા અલંકાર હોય અને વ્યંજનાની સમત્કૃતિ પણ આહ્લાદક અનુભવ કરાવે છે. સૌથી વધુ ષષ્ઠી તત્પુરૂષનો વિનિયોગ થયેલો જોવા મળે છે. જેમ કે 'ફૂલવાળા કર્મોની, જગત ભ્રમણાનું, અહ્મનો અંચળો, ઘાવ વિરહના વિગેર વિગેરે...'

કવયિત્રી નિરાધાર અવસ્થાને કંઇક આવી રીતે મૂકે છે.

દોશ શું દેવો, — રોકો મનને — ઇશે સજાવ્યો
બને સમીર જયારે, — આમતેમ દોડતાં — અસ્તવ્યસ્ત ન કરો
લાગણીશૂન્ય? — લક્ષ્મ મળશે. — જીવનખંડ

અહીં ક્યારેક સીધે સીધી બોલકી વાત પણ આવી ગઇ છે. એમાં અભિધાશક્તિથી વધુ વિકાસ જોઇ શકાતો નથી.

કવયિત્રી પ્રકૃતિના જુદાં જુદાં રૂપોને આ રીતે વર્ણવે છે, જૂઓ -

પ્રગટે ચાંદો, — પરમસુખ — ડોલતાં વૃક્ષો
તેજે જગ ઝળકે — લાઘતું પ્રકૃતિના — માણે મસ્તીથી બુંદ
આળી મંદિરે — પરિસરમાં — બુંદ હરખી.

કવયિત્રી તેની આ હાઇકુ રચનાઓમાં ચિંતન અને ભક્તિભાવ અલગ વિશેષ ભાવે લઇને આવે છે. સ્વ શોધનું, પરમ તત્વમાં બીનત્વ ઉપદેશાત્મક તો ક્યારેક વેદાંતનો મર્મ તેમાં મળે છે એવાં ચિંતનનાં કેટલાંક દૃષ્ટાંત જોઇએ -

ખોજ નીજની, — હૈયે વસંત — પંથે પ્રેરતી
અધરી, અશક્યતા, — માર્ગદર્શક બને — દીવાદાંડી બનીને
શીઘ્ર આદરો, — આત્માજ ગુરૂ — પ્રાર્થના તારી

જીવનના નાના મોટા ગંભીર-અગંભીર ભાવો, સંવેદનાઓ હર્ષ, શોક, પ્રણય, પ્રકૃતિ, આધ્યાત્મના ભાવો ગાગરમાં સાગરની જેમ આ હાઇકુ રચનાઓમાં આલેખાયા છે.

'યથાર્થ' હાઇકુ સંગ્રહના કવયિત્રી દિવ્યાક્ષી બહેન દિવાકર શુક્લનો જન્મ તા. ૨૮-૧૧-૧૯૪૧ના અમદાવાદ ખાતે થયો હતો. એમ.એ., પીએચ.ડી.નો અભ્યાસ કે જે. સૌમૈયા કોલેજ મુંબઇના નિવૃત્ત પ્રાધ્યાપિકાએ હેમદીપ નામે વિવેચન સંગ્રહ અને મનભાવન લેખસંગ્રહની સાથએ સાથે સુરતા, ખુશાલી, ખેવના, સંગદા, સ્પ્રહા, ચાહના, ઉદિતા, વિસ્મયા, નિત્યા, રમ્યા, રચિરા, મધુરા, જેવા લઘુ કાવ્યસંગ્રહો અને વાસ્તવ ચાક્ષુષ જેવા હાઇકુ સંગ્રહની સાથોસાથ 'પવનની પાવલીમાં' નામે મોનો ઇમેજ સંગ્રહ આપ્યા છે. આ ઉપરાંત તાજેતરમાં જ તેમનો લઘુકાવ્ય સંગ્રહ 'રાધાધ્ય' પણ પ્રગટ થયો છે.

નીજુ પ્રકાશન દ્વારા પ્રગટ કરવામાં આવેલ આ હાઇકુ સંગ્રહના વિતરક ગૂર્જર એજન્સી છે. આવું સુંદર રૂપકડું, નાજુક પ્રકાશન કરવા બદલ કવયિત્રી ડો. દિવ્યાક્ષીબહેન શુક્લ શુભેચ્છા પાઠવું છું.

યથાર્થ (હાઇકુ સંગ્રહ)
કવયિત્રી - ડો. દિવ્યાક્ષી શુક્લ
પ્રકાશક - નીજુ પ્રકાશન એ/૨૫ માતૃકા સોસાયટી
રાણેશ્વર મહાદેવ પાસે, વાસણા રોડ,
વડોદરા-૩૯૦૦૧૫, ફોન નં. ૨૩૩૫૬૫૧
કિંમત - રૂા. ૬૦, પૃષ્ઠ-૧૧૪
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪



મારું બાળપણ, મારી આજ

હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

બાળક ખૂબ જ પ્રભાવક્ષમ હોય છે. તે ઉપદેશથી નહિ અનુભવથી શીખે છે. બાળપણના અનુભવો વ્યક્તિના જીવન પર કાયમી અને ઊંડી છાપ છોડે છે. જે સહેલાઈથી ભૂંસી શકાતી નથી. વ્યક્તિ પોતાના બાળપણ પર નજર કરે તો તેને ખબર પડી શકે કે આજે તે જેવો છે તેવો કેમ છે? બાળપણની કઈ ઘટનાઓ તેને ઘડ્યો છે?

મારી વાત તમારી સમક્ષ મૂકું છું.

હું લગભગ ત્રણ ચાર વર્ષનો હોઈશ. રોજ સવારે ચા-પીવામાં ખૂબ જ નખરા કરું - આ રકાબી નહિ, બીજી રકાબીમાં આપો, હવે તેમાં દૂધ નાખો, દૂધ વધારે પડી ગયું, હવે તેમાં ચા નાખો, ચા વધારે પડી, માટે નથી પીવી ઈત્યાદિ...

રોજના આ કકળાટ સાથે કામ પાડવું અઘરું હતું. થાકીને એક દિવસ પિતાજીએ મને ઘરની અગાસીનાં કઠેડા ઉપર સુવડાવી પેટ ઉપર ઈંટ મુકી કહ્યું, હવે ક્યારેય આવું કરીશ?

ત્રીસ સેકન્ડથી એક મિનિટની આ ઘટના પછી મેં ચા છોડી. આજે પણ હું ચા પીતો નથી. પિતાજીએ શિક્ષા કરી હોય એવી આ એક માત્ર ઘટના. તે પછી ઘણી વખત મેં તેને હસતાં હસતાં યાદ કરી છે. થોડા વર્ષો પછી હમણાં મને સમજાયું કે આ ઘટનામાંથી મેં અર્થ કાઢેલો કે દુનિયા અસંવેદનશીલ છે, અન્યાયી છે.

વીસ વર્ષથી હું સરકારમાં છું. મને ક્યારેય અન્યાય થયો નથી. સાચું લાગે તે કરવાનો મને કાયમ અવકાશ મળ્યો છે. છતાંય મારા મનમાં સતત એ સંવાદ ચાલ્યા કરતો કે દુનિયા અસંવેદનશીલ છે, અન્યાયી છે.

પોલીસમાં કામ કરું છું, મારું કામ લોકોને થતાં અન્યાય દૂર કરવાનું છે. મારા અધિકારીઓ સરખું કામ ન કરે ત્યારે મારામાં જબ્બર પ્રતિક્રિયા જન્મે, આવું કેમ ચાલે? ઘણાં વર્ષો પછી મને સમજાયું કે અન્યાય સામે મારામાં જન્મતી પ્રતિક્રિયા મારી સફળતાનું ચાલકબળ છે. પણ પ્રતિક્રિયા કરીએ ત્યારે લડવા સિવાયના અન્ય વિકલ્પો બંધ થઈ જાય છે. લડનાર ક્ષણે ક્ષણે તૂટતો રહે છે. પ્રતિક્રિયા આપણી જાતને દઝાડ્યા વિના રહેતી નથી. વિપશ્યના ધ્યાન પછી મારી પ્રતિક્રિયાત્મકતા પ્રમાણમાં ઘટી છે.

બીજી ઘટના પણ ત્રણ-ચાર વર્ષની ઉંમરે બની હતી. અમે લોકો સાંજે ચાલવા જતા હતાં. સામેથી ટ્રક આવતી હતી. હું નક્કી ન કરી શક્યો કે મારે શું કરવું. હું રસ્તામાં ટ્રકની સામે ડાબે-જમણે દોડવા લાગ્યો. ઘટના પછી પિતાજીએ પ્રતિક્રિયા કરી, આને તો આટલીય ખબર પડતી નથી કે સામેથી વાહન આવતું હોય ત્યારે એક બાજુ ઊભા રહી જવાનું હોય પછીના થોડા દિવસો સુધી તેમણે તે યાદ કર્યા કર્યું, આ શહેરમાં જશે તો શું કરશે?

પાંચમા ધોરણમાં મારી સાથે પુરૂષોત્તમ નામનો વિદ્યાર્થી ભણતો. ભણવામાં હું એના કરતા આગળ, હું પહેલો નંબર પાસ થયેલો અને તે બારમો પણ તેનામાં કોઠાસૂઝ અને રોજિંદા કામોની આવડત ગજબ. પિતાજી સતત તેની સાથે મારી સરખામણી કરતા.

આ અનુભવોથી મેં આત્મવિશ્વાસ ગુમાવ્યો. નોકરીની શરૂઆતનાં વર્ષોમાં મે આત્મવિશ્વાસ મેળવવા સંઘર્ષ કર્યો. આવડત પ્રાપ્ત કરવા સખત મહેનત કરી. આવડતની સાથે મૂલ્યો પણ આત્મવિશ્વાસને પાયો પૂરો પાડ્યો. આત્મવિશ્વાસની ઉણપ ઝડપથી દૂર થઈ. પરંતુ આજે પણ કશુંક ઉલટું પડે, સરખું ન ચાલે તો સૌથી પહેલો મને મારો વાંક દેખાય છે.

મારૂં શરીર બચપણથી જ પાતળું. લોકો પાતળા શરીરને કમજોર શરીર ગણતા. હું પાંચ કિ.મી. ચાલીને નિશાળે જતો, જવા આવવાના રોજના દશ કિલોમીટર ઉપરાંત ખેતીનું કામ કરતો છતાં તેઓ મારા પિતાને કહેતા, આટલી બધી ભેંસો રાખો છો ને છોકરાનું શરીર તો જુઓ પિતાજી પણ તેમની સાથે સંમત હતા. તેઓ મને દૂધ પીવાનો આગ્રહ કરતા. રોજ સવારે એક શેર દૂધ મારે ફરજિયાતપણે પીવું પડતું, જમવામાં પણ દૂધ જ પીવાનું, છાશ પીવાની છૂટ નહિ. મને છાસ ગમે પણ પસંદગીનો અવકાશ ન હોતો. મને અંદરથી ન ગમતું પણ ગમાડ્યા સિવાય છૂટકો ન હતો. કહેવાની શક્તિ તો કદાચ ઈંટ વાળી ઘટના વખતે જ ગુમાવી દીધી હતી. ભોજનના અનુભવમાંથી અજાણપણે જ હું શીખ્યો કે જે મળે તે સ્વીકારી લેવું. બોલવું નહિ પણ ગમાડવું પણ નહિ. એક તાલીમમાં એ સમજાયું કે પસંદગી મારા માટે અઘરું ક્ષેત્ર છે. પસંદગીના અભાવે મારા જીવનનો આનંદ છીનવી લીધો હતો. ઘણી બધી વસ્તુઓ હું કમને કર્યા કરતો, તેમાં ખૂબ મહેનત કરતો, ધાર્યું પરિણામ પણ લાવતો પણ તેનો આનંદથી વંચિત રહી જતો.

બચપણનાં સાત - આઠ વર્ષ સુધી અમે એક ગામડામાં રહેતા, પિતાજી ત્યાં ડૉકટર. હું મહોલ્લામાં મારા જેવડા છોકરા સાથે રમવા જતો. તેમણે એવી ચિંતા રહેતી હશે કે તેનાથી મારા સંસ્કારો બગડશે. હું રમવા જાઉં તે તેમને ગમતું નહિં. રજાના દિવસે બપોરે સુતા હોય ત્યારે ચૂપચાપ લાકડાના પગથિયાં ઉતરી રમવા જતો અને તેઓ જાગી જાય તે પહેલાં આવી જતો. સતત એવો ખટકો રહેતો કે તેઓ પૂછશે તો?

આટલાં વર્ષોથી પોલીસના ઊંચા હોદ્દાઓ ઉપર છે. મૂલ્યના રસ્તે ચાલુ છું. કશું ખોટું ન કરું તેટલું જ નહિ મારે જેટલું કામ કરવું જોઈએ તેનાથી વધારે મહેનત કરું છું તેવી પણ છાપ ખાતામાં છે. કોઈ મને ક્યારેક પૂછતુંય નથી છતાંય કઈ મને પુછશે તો હું શું જવાબ આપીશ તે જવાબો મનમાં ચાલ્યા કરે. મોટા મોટા નિર્ણયોમાં હું વિચાર જ ન કરું પણ નાની નાની બાબતમાં આવું ચાલ્યા કરે એનું કારણ એટલું જ પિતાજીએ બચપણમાં જ મહત્ત્વની બાબતોમાં મારા ઉપર ખૂબ જ વિશ્વાસ મૂક્યો છે, સાતમાં ધોરણથી હું છાત્રાલયમાં રહીને ભણ્યો છું, ક્યારેય તેમણે પૂછ્યું નથી કે હું શું કરું છું. પણ રમવા જવા જેવી નાનકડી બાબતમાં તેમની પૃચ્છાની બચપણની ચિંતા આજે પણ રોકે છે. નાની વયની ઘટનાઓ પ્રભાવ વિશેષ હોય છે.

(ક્રમશઃ)

પોલીસ ખાતામાં પણ સંવેદનશીલ અધિકારીઓ હોય છે, એમણે પણ ઉમદા વિચારો આવતા હોય છે. સુરત ગ્રામ્ય વિસ્તારના પોલીસ મહાનિરીક્ષક (આઇ.જી) હસમુખ પટેલ તો પાછા એક કટારલેખક પણ છે. એમનાં પુસ્તકો પણ પ્રકાશિત થયેલ છે. હમણાં તેઓ 'મારું બાળપણ, મારી આજ' વિષય પર વિવિધ વિશિષ્ટ વ્યક્તિઓનાં લેખોનું સંપાદન કરી રહ્યા છે.

આ લેખોનો સંગ્રહ તો હજુ આવે ત્યારે ખરો, પરંતુ તેમણે પોતાના બાળપણના સંસ્કારોએ એમની આજ પર કેવો પ્રભાવ પાથર્યો છે, એનું જ પારદર્શક વિવરણ અને સમીક્ષા કરી છે તે 'ગાંધીનગર સમાચાર'ના સુજ્ઞ વાચકવૃંદને જરૂર પ્રેરણાદાયી નીવડશે.

- અયના

સ્ત્રીઓને ઘરગથ્થું હિંસા સામે રક્ષણનો કાયદો ૨૦૦૫ અંતર્ગતની જોગવાઈઓની કલમોની ચર્ચા

મહિલા સમાજ અને કાયદો

અંક-૪૪
ડો. ભાવના કે. જોષીપુરા

આપણે સ્ત્રીઓને ઘર ગથ્થું હિંસા સામે રક્ષણનો કાયદો ૨૦૦૫ અંતર્ગતની જોગવાઈઓની કલમોની ચર્ચા કરી રહ્યા છીએ. ગત અંકમાં આપણે કલમ- ૧૯ વસવાટ પૂરું પાડવાનો હુકમ તથા કલમ-૨૦ નાણાંકીય રાહત અંગે ચર્ચા કરેલ જેમાં કલમ-૨૦નું વિવરણ કરવાનું બાકી રહેલ, જે અંગે જોઈએ તો,

કલમ ૨૦નું વિવરણ :

કલમ-૨૦ અંતર્ગત મેજીસ્ટ્રેટને એવી સતા આપવામાં આવી છે કે જેને આધારે મેજીસ્ટ્રેટ નાણાંકીય વળતર વ્યથીત પક્ષકારને આપવાનો હુકમ કરી શકે છે. આવું વળતરએ અરજદારને જે પ્રમાણે નુકસાન થયું હોય તે પ્રમાણે મળી શકે છે. જેમ કે અરજદારને આવકની નુકસાની અરજદારને ઘરગથ્થું હિંસાને કારણે સહન કરવું પડતું હોય તે સંદર્ભમાં તેમજ આ પ્રકારના ત્રાસને કારણે જો કોઈ વૈદકીય સારવાર લેવી પડી હોય તો દવા વગેરે ખર્ચના તેમજ મિલકતને નુકસાન થયું હોય તો તે અને ભરણપોષણ પણ ચુકવવાનો આદેશ અદાલત અરજદારની તરફેમમાં અને સામાવાળાની વિરુદ્ધમાં કરી શકે છે. આ ભરણપોષણ ચુકવવાનો હુકમ એ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ ૧૨૫ અંતર્ગત જે પ્રમાણે ભરણપોષણ વ્યથિત પક્ષકાર મેળવી શકે છે અથવા તો સાંપ્રત સમયમાં અન્ય ભરણપોષણને લગતાં જે કાયદાઓ અસ્તિત્વમાં હોય તે રીતે ભરણપોષણ મળી શકશે. આ પેટા કલમ-૨ માં એવું ઠરાવેલ છે કે જે ભરણપોષણ અથવા તો નાણાંકીય વળતર ફરીયાદ પક્ષને એટલે કે અરજદારને આપવામાં આવે તે ન્યાયી રીતે, યોગ્ય રીતે અને કેસના સંજોગો અને વ્યાજબીપણાને ધ્યાનમાં લઈને ઠરાવવામાં આવશે. એટલું જ નહીં આ ભરણપોષણ અથવા તો નાણાંકીય વળતર ચુકવતી વખતે પક્ષકારોનું જીવનધોરણ પણ ધ્યાને લેવું જોઈએ. આ કલમ અંતર્ગત અદાલતને માસીક ખોરાકીપોષાકી નક્કી કરવાની સત્તા પણ અપાયેલી છે. આવો માસીક ભરણપોષણનો હુકમ અથવા તો નાણાંકીય વળતરનો હુકમ જે અરજદારની તરફેણમાં અને સામાવાળાની સામે થયો હોય તે રકમની વસુલાત વ્યથીત પક્ષકાર એટલે કે અરજદાર કઈ રીતે વસુલ લઈ શકે તેની જોગવાઈ આ કલમની પેટા કલમ (૬)માં કરવામાં આવેલી છે.

આ કલમની પેટા કલમ-૧ નીચે કરવામાં આવેલા હુકમ પ્રમાણે સામોપક્ષકાર એ જો ચુકવણી કરવામાં નિષ્ફળ જાય તો મેજીસ્ટ્રેટ એ સામાપક્ષકાર જયાં નોકરી કે કામ ધંધો કરતો હોય તેના માલિકને પગારની રકમ નાણાંકીય વળતર સંદર્ભે અદાલતમાં જમા કરાવવાનો આદેશ કરી શકે છે. જો સામાવાળાને કોઈપણ જગ્યાએથી રકમ વસુલ લેવાની થતી હોય તો એવા દેવાદાર પાસેથી સામાવાળાને રકમ વસુલ મળવાને બદલે સીધી અરજદારને રકમ મળી શકે અને આવી રકમ જે તે દેવાદાર અદાલતમાં જમા કરાવે તે પ્રમાણે નાણાંકીય વળતર અરજદારને મળી શકે છે.

કલમ-૨૧ : કબજા હુકમ

ભારતમાં વિદ્યમાન હોય તેવા કોઈ કાયદામાં દર્શાવાયેલી ન હોય તે પ્રકારેની જોગવાઈઓને આધીન આ કામમાં મેજીસ્ટ્રેટ સુનાવણીના કોઈપણ તબક્કે રક્ષણ સંબંધોનો હુકમ કે કાર્યવાહી દરમ્યાન કે અન્ય કોઈપણ દાદ મેળવવા માટેની અરજીની સુનવણી દરમ્યાન બાળકની કામચલાઉ કસ્ટડી માટે હુકમ કરી શકે છે અને મેજીસ્ટ્રેટ તેવો પણ હુકમ ફરમાવી શકે છે. અહીં આ કામની સમાવાળા વ્યક્તિ દ્વારા બાળકના હિતને નુકસાન પહોંચી શકે છે તો આવી વ્યક્તિની મુલાકાત ઉપર પ્રતિબંધ મુકી શકે છે.

અદાલત વ્યથીત કે ભોગ બનનાર પક્ષકારે કરેલ રક્ષણ હુકમ માટેની અથવા તો કોઈપણ દાદ માંગતી અરજી સંદર્ભે કે જે અરજી આ કાયદા મુજબ દાખલ થયેલી હોય તેમાં વચગાળાના બાળકના કબજા માટેનો હુકમ વ્યથીત પક્ષકાર અથવા વ્યથીત પક્ષકારને બદલે કોઈ અન્ય પક્ષકાર અરજી કરી હોય તો તેની તરફેણમાં કરી શકે છે. વધારામાં નામદાર અદાલત સામાપક્ષકારને કબજામાં રહેલ બાળક કે બાળકોની ભોગ બનનાર અરજદાર સાથે મુલાકાત સંદર્ભેની વ્યવસ્થા કરવા હુકમ કરી શકે છે પરંતુ અદાલતનો એવો અભિપ્રાય થાય કે સામાવાળાની બાળક સાથેની મુલાકાત એ બાળકના હિતમાં નથી અને હાનીકર્તા છે તો તેવા સંજોગોમાં અદાલત સામાવાળાને મળવા માટે મંજૂરી આપશે નહીં.

કલમનું વિવરણ :

જો કોઈ પક્ષકાર એટલે કે આ સંદર્ભમાં વ્યથીત પક્ષકાર એટલે કે અદાલતને બાળકના કબજા અંગેની અરજીના ચાલતા કામે અથવા તો કેસના કોઈપણ તબક્કે નામદાર અદાલત ભોગ બનનાર અરજદાર અથવા તેના વતી અન્ય વ્યક્તિએ કરેલ અરજીના સંદર્ભમાં બાળકના કામ ચલાઉ કબજાની મંજૂરી આપી શકે છે. વધુમાં સામાવાળાએ ભોગ બનનાર અરજદારની સામાવાળાના કબજામાં રહેલા બાળક સાથેની મુલાકાત સંબંધે પણ વ્યવસ્થા કેવી રીતે કરવી તેવું હુકમમાં જણાવી શકશે.

કલમ-૨૨ : વળતર હુકમ

આ કાયદા નીચે મંજૂર કરવામાં આવેલ અન્ય દાદ ઉપરાંત મેજીસ્ટ્રેટ ભોગ બનનાર અરજદારની અરજીને આધારે સામાવાળા દ્વારા ભોગ બનનાર અરજદાર પ્રત્યે આચરવામાં આવેલ ઘરગથ્થું હિંસાના પરિણામ સ્વરૂપ થયેલ ઈજાઓ, નુકશાન, માનસિક દબાણ, લાગણીયુક્ત તણાવના બદલામાં નુકશાન વળતર સામાવાળા ભોગ બનનાર અરજદારને ચુકવે તેવો વળતર હુકમ કરવાની મેજીસ્ટ્રેટને સતા છે.

કલમનું વિવરણ :

આ કલમમાં એવી જોગવાઈ છે કે મેજીસ્ટ્રેટ એ સામાવાળાએ આચરેલ ઘરગથ્થું હિંસા જેમ કે શારીરિક ઈજા, માનસીક દબાણ તેમજ લાગણીશીલ તણાવને કારણે ઈજાનો ભોગ બનનાર અરજદારને થયેલ નુકસાની સંદર્ભમાં નુકસાન વળતર ચુકવવાનો હુકમ કરી શકે છે.

નુકસાન વળતરની વ્યવસ્થા કાયદામાં કરવામાં આવી છે તે પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે એક પ્રકારે વ્યક્તિને સજા કે નશ્યત પહોંચે તેની સાથો સાથ ભોગ બનનારને થયેલ નુકસાન માટે સામાપક્ષની જવાબદારી નક્કી કરી આપવી અને તે અર્થેનો વળતર ચુકવવાનો હુકમ કરવાથી વધારે અસરકારક અમલીકરણની સ્થિતિ બનશે તેવું લાગે છે.

આ કાયદાની અન્ય કલમો, કલમો સંદર્ભે નવા કેસોના ઉદાહરણો તથા કલમોના વિવરણ સાથે મળીએ આવતે અંકે...